# લો પ્રેશરના લીધે સવારે અચાનક જ શહેરમાં વાતાવરણ બદલાયું

**આકાશી વાદળો ઘેરાયા : સવારે વાદળિયા વાતારવરણ બાદ ફરી વાતાવરણમાં પલ્ટો આવતા તડકો નિકળ્યો : અરબી સમુદ્રમાં સાયકલોનીક સિસ્ટમ સર્જાતા મોસમનો મિજાજ બદલાયો**



ગાંધીનગર તા ૨૧

પોરબંદરમાં અરબી સમુદ્રમાં આવેલા લો પ્રેશરના લીધે દરિયો તોફાની બનવાની સાથે નવી અપર એર સાયકલોનીક સિસ્ટમ અસરના ભાગરૂપે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં માવઠા સાથે કમોસમી વરસાદ થવાની સંભાવના પણ હવામાન વિભાગે વ્યકત કરી છે. જયારે આ નવી સિસ્ટમ ડેવલપ થતા રાજયના કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. ભારે પવનની સાથે વરસાદ પણ ખાબકયો હતો. અમરેલી વેરાવળ,તેમજ દાહોદ સહીતના વિસ્તારમાં વરસાદ થયો હતો. ગીર સોમનાથ સહીતના વિસ્તારમાં પણ વરસાદ વરસ્યો હતો. હવામાન ખાતા દ્વારા આગામી તા ૨૩ ઓકટોબર સુધી વરસાદી વાતાવરણ યથાવત રહેશે. કમોસમી વરસાદના લીધે ખેડુતોમાં ફરી એકવાર ચિંતાના વાદળો ઘેરાયા છે. આ વર્ષે વરસાદની પેટર્ન બદલાતા આમ પણ ખેડુતોને ખેતપાકોમાં નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે. રાજયમાંથી ચોમાસાએ વિદાય લીધા બાદ પણ વરસાદી વાતાવરણે ઉથલો મારતા મોસમના વિચિત્ર મિજાજનો અનુભવ કરતા નાગરિકોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધા બાદ અરબી સમુદ્રમાં સાયકલોનીક સિસ્ટમ અને લો પ્રેશર સર્જાતા માવઠાની આગાહી કરવામાં આવી છે. આ વર્ષે ચોમાસામાં શરૂઆતના તબક્કે વરસાદની સિઝન ફીક્કી રહી હતી અલબત્ત પાછોતરો વરસાદ વધુ પડયો હતો જયારે નવરાત મહોત્સવના પ્રારંભે પણ વરસાદી વાદળો ઘેરાયા હતા. જયારે છેલ્લા ૧૦ દિવસથી વાતાવરણમાં માંડ ઉઘાડ નિકળ્યો છે. આવા સંજોગોમાં વાતાવરણમાં ફરી એકવાર પલ્ટો આવતા નગરજનોમાં પણ આ વિચિત્ર મોસમના લીધે વિપરિત અસર જોવા મળે છે. એકબાજુ વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીના ચમકારા વચ્ચે બેવડી ઋતુનો અનુભવ નાગરિકો કરી રહ્યા છે. જયારે આજે સવારે અચાનક જ આકાશી નઝારો બદલાયો હતો. સવારથી જ આકાશમાં વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. બપોર સુધી વાદળિયા વાતાવરણનો નઝારો જોવા મળ્યો હતો જો કે વાતાવરણમાં સતત બદલાવ રહેતા તડકી છાયડીનો માહોલ જોવા મળ્યો હતો. જો કે દિવસના અંતે આકાશમાંથી વરસાદી વાદળો વિખેરાઈ જતા ખેડુતોએ હાંશકારો અનુભવ્યો હતો.

**વાતાવરણમાં ફરી એકવાર પલ્ટો આવતા નગરજનોમાં પણ આ વિચિત્ર મોસમના લીધે વિપરિત અસર જોવા મળે છે : હવામાન ખાતા દ્વારા આગામી તા ૨૩ ઓકટોબર સુધી વરસાદી વાતાવરણ યથાવત રહેશે. કમોસમી વરસાદના લીધે ખેડુતોમાં ફરી એકવાર ચિંતાના વાદળો ઘેરાયા**


# કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ૨૫મીએ ગાંધીનગર આવશે

**મનપા, ગુડા અને જિલ્લાતંત્રના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણના કાર્યક્રમોનું મહાત્મા મંદિર ખાતે આયોજન કરાયુ**

ગાંધીનગર, તા. ૨૧

દેશના ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહ ૨૫મીએ ગાંધીનગર શહેરના વિવિધ પ્રોજેકટ્સ, ગુડાના આવાસો તેમજ જિલ્લા વહીવટીતંત્રના વિવિધ સહાયના સાધનોનું મહાત્મા મંદિર ખાતે વિતરણ કરશે.

અમીત શાહ સવારે નવ વાગે મહાત્મા મંદિરના કન્વેન્શન હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કુડાસણ નજીક આકાર પામનાર શેલ્ટર હોમની ખાતવિધિ કરશે, આ ઉપરાંત સ્માર્ટસીટી યોજના હેઠળ રોડ નં. ૬ અને ૭ તેમજ ગ-રોડને સ્માર્ટ રોડ તરીકે ડેવલપ કરવાના કાર્યક્રમનો આરંભ કરાવશે. તેઓ ઘ-૪ જંકશન અને



ગ-૪ જંકશન ખાતે અન્ડરપાસનું ખાતમુહૂર્ત કરી પાટનગરના રોડ એન્જીનીયરીંગમાં બદલાવના પહેલની ઘોષણા કરશે.

૨૫મીના ભરચક કાર્યક્રમ વચ્ચે તેઓ ગુડા દ્વારા કુડાસણ ખાતે નિર્માણ પામેલ આવાસ યોજનાનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત ગુડા દ્વારા નિર્માણ કરાયેલ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાંથી વધુ ૧૦ ડેન્ગ્યુના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાંથી ડેન્ગ્યુના આજે વધુ ૧૦ કેસ મળી આવ્યા છે. આ સાથે ચાલુ મહિનામાં આ વાહકજન્ય રોગના કેસોની સંખ્યા ૧૬૦ જેટલી થવા પામી છે. ગાંધીનગર મહાનગરપાલિકાના તબીબી અધિકારી ડૉ. ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે શહેરમાં જે કેસો નોંધાયા છે તેમાં સે. ૨૪, ૧૩, ૧૨, ૫, ૪ ના વધુ છે. શહેરમાં મેલેરિયાના કેસો આ સિઝનમાં ઓછા નોંધાયા છે. જો કે ડેન્ગ્યુના કેસો આ વખતે વધારે નોંધાયા છે. તેમણે કહ્યુ હતુ કે વરસાદની બદલાયેલી પેટર્ન પણ આ અંગે કારણભૂત ગણી શકાય. ડૉ. ગોસ્વામીએ કહ્યુ હતુ કે મેડીકલ કોલેજની હોસ્ટેલમાંથી મળેલા કેસો અંગે ડીન તેમજ મેડીકલ સુપ્રિટેન્ડન્ટનું ધ્યાન દોરવામાં આવ્યુ છે અને જરૂરી પગલાંઓ મચ્છરોની ઉત્પત્તિને નાથવા માટેના લેવા કહેવામાં આવ્યુ છે.

તેમણે કહ્યુ કે શહેરમાં સઘન અને સતત સર્વેલન્સની કામગીરી ચાલુ જ છે. જો કે હાલ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને આ સપ્તાહમાં પરિસ્થિતિ સંપૂર્ણ હળવી થઈ જશે તેવો તેમને વિશ્વાસ છે. તેમણે કહ્યુ હતુ કે શંકાસ્પદ તાવના કેસો જે સર્વેલન્સ દરમ્યાન મળ્યા છે તેમને નજીકના દવાખાનામાં સારવાર લેવા માટે સમજાવવામાં આવ્યા છે. શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં છેલ્લા ત્રણેક દિવસથી ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો હોવાનો પણ તેમણે એકરાર કર્યો હતો.

# સેક્ટર-૨૪ની પ્રાથમિક શાળાની દિકરી તમન્નાના શરીરમાંથી સતત લોહી નીતરે છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરની સે. ૨૪ની શાળા નં. ૨ માં અભ્યાસ કરતી દિકરી તમન્ના ઈબ્રાહીમભાઈના શરીરમાંથી સતત લોહી વહ્યા જ કરે છે.

ઈબ્રાહીમભાઈએ છુટક મજૂરી કરી અને પોતાનો પરિવાર ચલાવી રહ્યા છે. તેમના પરિવારમાં ત્રણ સંતાનો છે જેમાં બાકીના બે બાળકો નાના છે.

ઈબ્રાહીમભાઈ સે. ૨૪ના ઈન્દિરાનગર છાપરામાં એક રૂમવાળા મકાનમાં ભાડે રહે છે. દિકરીની સારવાર માટે દવાખાનાના ધક્કાઓ ખાઈ હવે તેઓ નિરાશ બન્યા છે.

આ દિકરી શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમ્યાન મળી આવી નથી પરંતુ તાજેતરમાં એક સરકારી કાર્યક્રમના ભાગરૂપે અધિક નિવાસી કલેકટર હનુમંતસિંહ જાડેજા સ્કૂલમાં ગયા ત્યારે આખી હકીકત બહાર આવી હતી.

દિકરીના શરીરમાંથી સતત વહી રહેલા લોહીને નિહાળી કંપી ઉઠેલા જાડેજાએ તાત્કાલિક

**અધિક નિવાસી કલેક્ટર જાડેજાની મુલાકાત વેળાએ ગંભીર બિમારી ધરાવતી બાળાની વિગતો બહાર આવી**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે તેના વાલીઓને બોલાવી તેમની સાથે રવાના કરી હતી. અધિક નિવાસી કલેક્ટર જાડેજાની સુચના પછી હોસ્પિટલના તંત્રએ પણ તેની તપાસ કરી હતી પરંતુ હિમોફિલીયા જેવી ગંભીર બિમારી લાગતુ હોવાનું જણાતાં તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરાઈ હતી. આ પછી ત્યાં એક-બે દિવસની સારવાર પછી તે પાછી ફરી હતી. અમમદાવાદ સિવિલમાંથી પણ રાહતના સમાચાર ના મળતાં પિતા ઈબ્રાહીમભાઈ નિરાશ થયા છે જો કે હિંમત હાર્યા નથી.

તેમણે ગાંધીનગર સમાચાર સાથે વાતચીતમાં કહ્યુ હતુ કે પેથાપુર, ગાંધીનગર અને અમદાવાદમાં બતાવ્યુ છે પણ લોહી કેમ સતત નિકળ્યા કરે છે તે ખબર પડતી નથી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. ચૌહાણ સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે લોહી જે આવી રહ્યુ છે તે હિમોફિલીયાના લક્ષણો હોય તેવુ લાગતાં તેણીનીને અમદાવાદ સિવિલમાં ટ્રાન્સફર કરાઈ હતી. ગાંધીનગર સિવિલમાં આ સારવાર ઉપલબ્ધ નથી.

પિતા ઈબ્રાહીમભાઈને પુછતાં તેમણે કહ્યુ હતુ કે હાલ તેઓ વિજાપુરમાં દિકરીની સારવાર માટે લઈ જાય છે. થોડીક રાહત હાલ જણાય છે. પરીક્ષાનો સમય છે અને તેને તકલીફ હોવાથી તેની માતા પણ સાથે શાળાએ જાય છે.

હિમોફિલીયા એ ખુબજ ગંભીર પ્રકારની બિમારી છે. જેમાં માનવ શરીરમાં લોહીનું ગઠન થતા તત્વોની ઉણપને કારણે લોહી સતત વહ્યા કરે છે. આ ગંભીર બિમારી છે. આવા દર્દીને સાચવવુ બહુ પડે છે તેને સામાન્ય ઈજામાં પણ રક્તસ્ત્રાવ વધારે પડતો થતો હોય છે.

# આજે સેક્ટર-૨માં મનપા દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સે. ૨ માં આજે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

મેડીકલ ઓફિસર હેલ્થ ડૉ. ગોસ્વામીના જણાવ્યા પ્રમાણે આ અંગેનું સંપૂર્ણ આયોજન કરી દેવામાં આવ્યુ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં પણ આગામી દિવસોમાં આવા કેમ્પનું આયોજન કરવામાં આવશે.

આ સર્વરોગ નિદાન કેમ્પમાં ૨૫ જેટલા રોગોની સારવાર માટે નિષ્ણાત તબીબો સેવાઓ આપશે. સવારે ૯ થી ૧ દરમ્યાન આ કેમ્પ યોજાશે.

આ કેમ્પમાં બ્લડ ટેસ્ટ પણ મુલાકાતીઓને કરી આપવામાં આવશે. આ કેમ્પમાં મહાનગર પાલિકાના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.


**પાવન પ્રણામ**



જાતસ્ય હિ ધ્રવો મૃત્યુ
- ર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।
તસ્માદપરિહાર્યેઙર્થે
ન ત્વં શોચિતુમર્હસિ ॥

॥ શ્રીમદ ભગવદ ગીતા ૨:૨૭ ॥

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને
મરેલાનો જન્મ નક્કી છે.
તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં
શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.

॥ શ્રીમદ ભગવદ્ ગીતા ૨:૨૭ ॥

વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહા
મહાપ્રયાણ - આસો વદ-૯ વિ. સં. - ૨૦૫૮

આજે સત્તરમી પુણ્યતિથિએ
આપના દિવ્ય આત્માને
શત્ શત્ વંદન...

કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના
જાગૃતિ - બિપીનચંદ્ર ● ચારૂ - દર્શનકુમાર
પ્રાર્થના - અનિષ ● લજ્જા - વત્સલ ● ચિન્મય - વૈભવી ● વિધિ - યશ
શુભાંગ ● કૃપાંશી ● યશસ્વી



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan® ashirvad BENELAVE™ DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



EXCELLENCE THROUGH ENDEAVOURS MAS FINANCIAL SERVICES LTD. The Power of Distribution
માસ દિવાળી ઓફરોની આતશબાજી
પર્સનલ લોન ૫ લાખ સુધી માત્ર ૩ દિવસમાં | ટુ-વ્હીલર વસાવો 100%* લોન સાથે | USED કોમર્શિયલ વ્હીકલ લોન | મશીનરી લોન | બિઝનેસ લોન | પ્રિ-ઓન કાર લોન | હોમ લોન
*શરતો લાગુ
આકર્ષક વ્યાજદર | ઝડપી પ્રોસેસિંગ | આસાન શરતો | માસના જૂના ગ્રાહકો માટે સ્પેશિયલ ઓફર | "જે સમજે આપના અમૂલ્ય સ્વપનાઓ નું મુલ્ય" | વધુ માહીતી માટે મિસ્ડ કોલ કરો 079-49137711


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com